| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૮ | ૦૭ | ૨૦૨૬ |
| દાખલ તારીખ | ૦૮ | ૦૭ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૧ | ૦૭ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૩ |

**<u>ધારીનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ</u>**

**<u>મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં. મુકામ–ધારી.</u>**

**ફોજદારી કેસ નંબર.૬૧૨/૨૦૨૬**
**આંક : ૧૭**

**ફરિયાદી:–** શ્રી સરકાર.

**વિરૂઘ્ધ.**

**આરોપીઓ:–** (૧) ઈલેશભાઈ વિનુભાઈ મકવાણા , ઉ.વ.૨૪,
(૨) હાર્દિકભાઈ કાળુભાઈ ગૌસ્વામી, ઉ.વ.૨૧
(૩) જયંતીભાઈ ભાચાભાઈ સાતલીયા,ઉ.વ.૫૧,
(૪) જયુભાઈ બાલાભાઈ ડાભી, ઉ.વ.૨૮,
(૫) પ્રમોદભાઈ ભરતભાઈ બજાણીયા, ઉ.વ. ૨૬
(૬) નવલભાઈ મનુભાઈ ચૌહાણ, ઉ.વ. ૨૮
તમામ રહે. ધારી હિમખીમડીપરા, તા.ધારી, જી.અમરેલી.

**<u>ગુનો:–</u> <u>જુગાર ધારાની કલમ ૧૨ મુજબ.</u>**

**<u>–: ઠરાવ :–</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત મુજબ આરોપીઓ જાહેરમાં જુગાર રમતા મળી આવી જુગારનાં સાધનો તથા રોકડ રકમ અન્ય મુદ્દામાલ સહિત પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ હોય. જેથી આરોપી વિરૂઘ્ધ **ધારી** પોલીસ સ્ટેશન ગુનાં

રજી. નં.૧૧૧૯૩૦૧૮૨૬૦૨૫૦/૨૦૨૬ થી **જુગાર ધારાની કલમ – ૧૨** મુજબનો ગુનો દાખલ કરેલ અને તપાસનાં અંતે ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૨)** આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ હાજર થતાં આરોપીઓને કેસ પેપર્સની નકલ મળ્યાની ખાતરી કરેલ ત્યારબાદ આરોપીઓની ગુના અંગેની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કરેલાનું કબુલ રાખેલ છે અને આરોપીઓ ગુનાની કબુલાત કરવાં માંગતા હોય આરોપીઓની ગુના અંગેની કબુલાત પુરશીસ રજુ કરી જણાવેલ છે કે પ્રથમ ગુનો છે અને આરોપીઓ એ તદ્દન ગરીબ ઈસમ છે અને કુટુંબીજનોનું ભરણપોષણ કરતાં આવેલા છે અને દયા રાખી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે અને આ કામે આરોપીઓ તરફે મુદ્દામાલ અંગે નો–કલેઇમ પુરસીશ રજુ કરવામાં આવેલ છે.

**(૩)** આરોપીઓની ગુનાની કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોવાની અદાલતે ખાત્રી કરેલ છે. આરોપી સામેનાં ગુનાની ગંભીરતાં, સજાની જોગવાઈ તથા પુરસીસમાં જણાવેલ કારણો જોતાં ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**(૧)** આ કામનાં દરેક આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૫ અન્વયે **જુગારધારાની કલમ–૧૨** નાં ગુના સબબ તકશીરવાર ઠરાવી **દરેક આરોપીને રૂા.૨૦૦/–** નો દંડ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ન ભરે તો તેને દિન – ૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેછે.

**(૨)** સદર કામે મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ, આ કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર હસ્તે જમા કરી, તેમજ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો .

આજરોજ તા. ૧૧ મી માહે, જુલાઈ, સને–૨૦૨૬ નાં રોજ લોક અદાલતની ''સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ'' માં હુકમ જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ:–ધારી.

**( એમ.એમ.સૈયદ )**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ધારી,
કોડ નં.જીજે૦૧૧૦૩.

(ડી.કે.મહેતા.)

**દંડની કુલ રકમ રૂા.૨૦૦×૫ – ૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)**
**પા.નં. ____________ થી જમા લીધા.**
**તા.૧૧/૦૭/૨૦૨૬**

**નાઝીર**